RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 207, Dt.19-11-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ‘એક દેશ એક ચૂંટણી’ બીલ સંસદના શિયાળુ સત્રમાં રજુ થશે

## કોવિદ કમીટીના રિપોર્ટને કેબીનેટની મંજુરી બાદ હવે સંસદ સમક્ષ મુકશે સરકારઃ લોકસભા – વિધાનસભાની ટર્મ અંગે રાજયોની વિધાનસભાની મંજુરી જરૂરી નહી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સરકાર ૨૦૨૯માં સંસદ અને તમામ રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણી એકસાથે કરાવવાની દિશામાં એક પગલું આગળ વધારવા જઈ રહી છે. અહેવાલ છે કે સરકાર ૨૫ નવેમ્બરથી શરૂ થતા સંસદના શિયાળુ સત્રમાં વન નેશન, વન ઈલેક્શન (બ્ફબ્ચૅ) પર એક સક્ષમ બિલ રજૂ કરી શકે છે. વિપક્ષો, ખાસ કરીને કોંગ્રેસ સાથેની વાતચીત અને સર્વસંમતિ બનાવવાના પ્રયાસો બાદ બિલ રજૂ કરવામાં આવશે.

મહત્વનું છે કે, બંધારણીય સુધારાને આગળ લઈ જવા માટે વિપક્ષ અને બિન-ગઉઅ પક્ષોના સમર્થનની જરૂર પડશે. સૂત્રોએ સંકેત આપ્યો છે કે રામનાથ કોવિંદની આગેવાની હેઠળની સમિતિના અહેવાલ સાથે બિલ રજૂ કરવામાં આવશે. સમિતિએ ઘગઘઊની ભલામણ કરી હતી. બિલો રજૂ થયા પછી, સરકાર સંસદમાં ચર્ચા શરૂ કરશે, પરંતુ જ્યાં સુધી વ્યાપક સર્વસંમતિ ન આવે ત્યાં સુધી મતદાનને સ્થગિત કરી શકે છે.

સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ સોમવારે સરકારના ઈરાદાનો સંકેત આપતા કહ્યું હતું કે મોદીજીએ દેશના વિકાસ માટે દર પાંચ વર્ષે એકસાથે ચૂંટણી યોજવા પર ભાર મૂક્યો હતો. તેમની વિનંતીના આધારે, કોવિંદ પેનલની રચના કરવામાં આવી હતી અને સબમિટ કરેલા અહેવાલને કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. હવે અમે સંસદમાં સંબંધિત બિલ લાવવા માટે તૈયાર છીએ. તેમણે કહ્યું કે લોકશાહીમાં વિરોધને અવકાશ હોય છે, પરંતુ વિરોધ ખાતર બિલનો વિરોધ ન કરવો જોઈએ.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે એક સાથે ચૂંટણી શા માટે થવી જોઈએ તે દેશને જણાવવા માટે ચર્ચા થવી જોઈએ. પ્રથમ પ્રસ્તાવિત બંધારણ સુધારો



બિલ કલમ ૮૩ (લોકસભાની મુદત) અને કલમ ૧૭૨ (રાજ્ય વિધાનસભાની મુદત)માં સુધારો કરીને કલમ ૮૨અમાં સુધારો કરવા માંગે છે. કોવિંદ પેનલે કહ્યું કે આ સુધારાને રાજ્યો દ્વારા બહાલીની જરૂર નથી.

સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓને સામાન્ય ચૂંટણીઓ સાથે સમન્વયિત કરવા માટે કલમ ૩૨૫માં સુધારો કરીને કલમ ૩૨૪ખ્માં બંધારણીય સુધારાની જરૂર પડશે. આ માટે રાજ્યો દ્વારા બહાલીની જરૂર પડશે.


સરકાર હવે આ અંગે સંસદીય પ્રસ્તાવના શ્રી ગણેશ કરશે. એક પાઈલોટ ખરડો સંસદમાં રજુ કરી બાદમાં તે ચર્ચા માટે સંસદીય કમીટીને સુપ્રત થાય તે રીતે સરકાર આગળ વધી રહી છે અને બાદમાં રાજયોની વિધાનસભામાં પણ તે રીતે આવશ્યક પ્રસ્તાવો મંજુર કરાવવા સરકાર આગળ વધશે.સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજજુએ આ અંગે કહ્યું કે કોવિદ પેનલના રિપોર્ટને કેબીનેટ દ્વારા મંજુરી આપવામાં આવી છે તેથી હવે અમો સંસદમાં તે સંબંધીત ખરડામાં લાવી રહ્યા છીએ. તેઓએ વિપક્ષોને તે મુદે તંદુરસ્ત ચર્ચાનું આમંત્રણ આપતા કહ્યું કે વિપક્ષો છે ફકત વિરોધ કરવા જ તેનો વિરોધ કરવો જોઈએ નહી.

અમો દરેક તબકકે ચર્ચા માટે તૈયાર છીએ. આ માટે બંધારણ સુધારા ખરડો જે બંધારણની કલમ ૮૩ (લોકસભાની મુદત) અને કલમ ૧૭૨ (રાજય વિધાનસભાઓની મુદત) અંગે તે મુકાશે.

તેઓએ જણાવ્યું કે આ માટે રાજય વિધાનસભાઓના સમર્થનની જરૂર નથી. આ ઉપરાંત સ્થાનિક ચૂંટણીઓમાં પણ જરૂરી સુધારા માટે બંધારણની કલમ ૩૨૫ અને ૩૨૪ એ માં સુધારા થશે જેમાં રાજય સરકારોના સમર્થનની જરૂર રહેશે.

# કાશ્મીરઅનેક જગ્યાએ તાપમાનનો પારો માઈનસમાં પહોંચ્યો

## સોનમર્ગ માઈનસ ૫.૩ ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ઠંડુ શહેર બન્યું



**મુખ્ય સમાચાર,શ્રીનગર**

કાશ્મીરમાં શુષ્ક હવામાન વચ્ચે ઠંડીનો પ્રકોપ વધી રહ્યો છે. સોમવારે ગુલમર્ગ, પહેલગામ અને સોનમર્ગમાં તાપમાન માઈનસમાં પહોંચી ગયું છે. સોનમર્ગ સૌથી વધુ ઠંડુ ક્ષેત્ર રહ્યું હતું, જયાં ન્યુનતમ તાપમાન માઈનસ ૫.૩ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં હવામાન શુષ્ક રહેવાની આગાહી કરી છે.

ખીણમાં ગત દિવસોમાં એક પછી એક બે પશ્ચિમી ડિસ્ટર્બન્સના પ્રભાવના કારણે હવામાનનો બિજાજ તીખો બન્યો છે. આ બાજુ પહેલ ગામમાં ન્યુનતમ તાપમાન માઈનસ ૨.૦ જયારે ગુલમર્ગમાં આજ રાતનું ન્યુનતમ તાપમાન માઈનસ ૧.૮ ડિગ્રી સેલ્સીયસ રેકોર્ડ કરાયું છે.

હવામાન વિભાગે ૨૪ નવેમ્બર સુધી હવામાનમાં કોઈ ખાસ ફેરફાર ન થવાની સંભાવના દર્શાવી છે. અલબત બીજા ડિસ્ટર્બન્સની અસરને લઈને પર્વતીય વિસ્તારોએ ૨-૫ ઈંચની બરફની ચાદર ઓઢી લીધી હતી. જયારે આ દરમિયાન નીચલા વિસ્તારોમાં વરસાદ પણ થયો હતો. હાલમાં વરસાદ અને બરફ વરસાદ બાદ ખીણમાં હવામાન શુષ્ક બન્યું છે.તાપમાનમાં ઘટાડાનો સિલસિલો આવનારા દિવસોમાં ઠંડીનો પ્રકોપ વધી જશે. હવામાન વિભાગે હાલની ઠંડીમાં શિયાળામાં લા-નીનાની અસર આવનાર દિવસોમાં બની રહેવાથી ખીણ ઠંડીની ઝપટમાં આવવાની સંભાવના દર્શાવી છે.

# GDP મામલે ભારત બન્યુ બિગબોસઃ G 20માં દબદબો

## ૨૦૨૪માં ભારતનો અંદાજિત વળદ્ધિ દર ૭ ટકા છે, જે G20 દેશોમાં સૌથી વધુ નોંધાયેલો છે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ભારતના અર્થતંત્ર માટે સારા સમાચાર છે. વાસ્તવમાં, ભારત એક રીતે G20નું બોસ બની ગયું છે. G20 દેશોમાં GDP વળદ્ધિ દરમાં ભારત ટોચ પર છે. ૨૦૨૪માં ભારતનો અંદાજિત વળદ્ધિ દર ૭ ટકા છે, જે G20 દેશોમાં સૌથી વધુ નોંધાયેલો છે. દેશની આ સિદ્ધિ વૈશ્વિક પડકારો વચ્ચે મજબૂત અર્થતંત્ર અને શક્તિશાળી વિકાસ દર્શાવે છે.

G20 દેશોમાં વિકાસ દરની વાત કરીએ તો આ વર્ષે ભારત પછી ૫ ટકાના વિકાસ દર સાથે ઈન્ડોનેશિયા બીજા સ્થાને છે અને ચીન ૪.૮ ટકા સાથે ત્રીજા સ્થાને છે. રશિયા ૩.૬ ટકાના વિકાસ દર સાથે ચોથા સ્થાને છે અને બ્રાઝિલ ૩ ટકા સાથે પાંચમા સ્થાને છે. તે જ સમયે, આફ્રિકા ક્ષેત્ર ૩ ટકાના વિકાસ દર સાથે છઠ્ઠા સ્થાને છે અને અમેરિકા ૨.૮ ટકાના વળદ્ધિ દર સાથે સાતમા સ્થાને છે.

સમગ્ર વિશ્વમાં આર્થિક અનિશ્ચિતતા અને તણાવ વચ્ચે ભારતીય અર્થતંત્ર આ વર્ષે ૭ ટકાના દરે વળદ્ધિ પામી શકે છે. આ વળદ્ધિ દર ૨૦ દેશોના જૂથ એટલે કે G20માં સૌથી ઝડપી હશે. આ સમયગાળા દરમિયાન મોટા દેશોનો વિકાસ દર ત્રણ ટકાથી નીચે રહી શકે છે.

માહિતી અનુસાર, ભારતની સૌથી ઝડપી વળદ્ધિ દરની સિદ્ધિ તેની મજબૂત અર્થવ્યવસ્થા પાછળ રહેશે. વૈશ્વિક પડકારો વચ્ચે પણ ભારતીય અર્થવ્યવસ્થાએ તેનું સારું પ્રદર્શન ચાલુ રાખ્યું છે. G20માં ભારત પછી ઈન્ડોનેશિયાનો GDP પાંચ ટકાના દરે સૌથી ઝડપી વળદ્ધિ કરશે. તે પછી ચીનની અર્થવ્યવસ્થા ૪.૮ ટકાના દરે વળદ્ધિ પામી શકે છે. આર્જેન્ટિના એકમાત્ર એવો દેશ છે જેનો જીડીપી વળદ્ધિ દર ૩.૫ ટકા ઘટવાની ધારણા છે.

જો રશિયાનો જીડીપી ૩.૬ ટકાના દરે વધશે, તો બ્રાઝિલ, આફ્રિકા અને તુર્કીનો જીડીપી ૩ ટકાના દરે વળદ્ધિ પામી શકે છે. અમેરિકાની અર્થવ્યવસ્થા ૨.૮ ટકાના દરે અને કોરિયાની અર્થવ્યવસ્થા ૨.૫ ટકાના દરે વળદ્ધિ પામે તેવી ધારણા છે. મેક્સિકો અને સાઉદી અરેબિયાની અર્થવ્યવસ્થા ૧.૫-૧.૫ ટકાના દરે વળદ્ધિ કરી શકે




છે. યુરોપિયન યુનિયન અને દક્ષિણ આફ્રિકાનો વિકાસ દર ૧.૧-૧.૧ ટકા રહેવાની ધારણા છે.

રેટિંગ એજન્સી મૂડીઝનું માનવું છે કે ભારત આવતા વર્ષે ૬.૬ ટકાના દરે વિકાસ કરી શકે છે. ૨૦૨૬માં આ દર ૬.૫ ટકા રહેવાની ધારણા છે.

વર્તમાન વર્ષમાં તે ૭.૨ ટકા રહેવાનો અંદાજ છે. એજન્સીનું કહેવું છે કે નક્કર વળદ્ધિ અને મધ્યમ ફુગાવાના મિશ્રણ સાથે ભારતીય અર્થતંત્ર સારી સ્થિતિમાં છે.

# ગોલ્ડ લોનમાં પણ હવે માસીક હપ્તામાં પુર્ન ચુકવણીનો વિકલ્પ મળશે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

બેંકો અને નોન-બેન્કીંગ કંપનીઓ દ્વારા આડેધડ ગોલ્ડ લોન અપાતી હોવાની રીઝર્વ બેન્કની નોંધ બાદ હવે તેમાં માસીક હપ્તાનો નવો યુગ શરૂ થવાના સંકેત છે. ગોલ્ડ લોન લીધા બાદ તુર્ત જ પુર્ન ચુકવણી માટે માસીક હપ્તાની સીસ્ટમ અમલી બનાવવાનાં ચક્રો ગતિમાન થયા છે. આ સિવાય ટર્મ લોનનો વિકલ્પ પણ વિચારવામાં આવી રહ્યો છે.

બેન્કીંગ સુત્રોએ કહ્યું કે રીઝર્વ બેન્કની સુચના સ્પષ્ટ છે. ગોલ્ડલોન પેટે જામીનગીરી તરીકે મુકાતા સોના પર નિર્ભર રહેવાના બદલે લોનધારકની નાણા ચુકવવાની ક્ષમતા ચકાસવા કહ્યું છે. ગોલ્ડ લોનની મુદત વધારી દેવા માટે રોલઓવર સીસ્ટમ સામે પણ રીઝર્વ બેન્કને વાંધો છે આ સંજોગોમાં માસીક હપ્તામાં ચુકવણીનો વિકલ્પ વિચારણામાં છે.

રીઝર્વ બેન્કે ગત સપ્ટેમ્બરમાં જ બેંકોને પાઠવેલા પરિપત્રમાં સોનાના દાગીના પર અપાતી લોનમાં ગેરરીતી સામે અંગુલી નિર્દેશ કર્યો હતો. સોનાના વેલ્યુએશન ઓકશનમાં પારદર્શીતા, સોનાની કિંમત સામે લોનની રકમ, જોખમની માત્રા સહીતના મુદાઓમાં પ્રતિ હોવા તરફ ઈશારો કર્યો હતો. ઉપરાંત ગોલ્ડ લોન રોલ ઓવર કરી દેવાની પ્રક્રિયા પણ ગેરરીતીનો એક પ્રકાર જ હોવાનું જાહેર કર્યું હતું.

ગોલ્ડ લોનમાં બેંકો-કંપનીઓ નિશ્ચિત અવધી માટે લોન આપે છે અને સમયગાળો પૂર્ણ થયા બાદ એક જ ઝાટકે સંપૂર્ણ રકમ પરત મેળવે છે માસીક હપ્તા જેવી કોઈ સીસ્ટમ નથી. અન્ય એક વિકલ્પ લોનધારક પાસે સગવડ થાય ત્યારે તબકકાવાર નાણા પરત ચુકવવાનો વિકલ્પ આપવામાં આવતો હોય છે.

આ વિકલ્પ હેઠળ લોનની કુલ મુદતમાં લોનધારક ગમે ત્યારે તબકકાવાર નાણાં પરત ચુકવી શકે છે. બેંકો તથા નોન-બેન્કીંગ ફાઈનાન્સ કંપનીઓનાં ગોલ્ડલોન પોર્ટફોલીયોમાં ટુંકાગાળામાં મોટો વધારો થતાં રિઝર્વ બેન્કનું ધ્યાન ખેંચાયું હતું. રેટીંગ એજન્સી ક્રિસીલનાં રીપોર્ટ મુજબ એપ્રિલથી ઓગસ્ટમાં સોનાના ભાવમાં મોટો વધારો છતાં સોનાના દાગીના સામે લોનમાં ૩૭ ટકાની વૃધ્ધિ થઈ હતી. ગોલ્ડ લોનનાં વ્યવસાયમાં જ સામેલ કંપનીઓમાં



લોનનું પ્રમાણ ત્રિમાસીક ગાળામાં ૧૧ ટકા વધ્યુ હતું. નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે ગોલ્ડ લોનનું વધતુ પ્રમાણ ચિંતાજનક છે. લોન ધારકની આવક સામે નાણા પરત કરવાની ક્ષમતા શંકાજનક છે. એટલુ જ નહિં સોનાના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થાય તો જોખમ ઉભુ થઈ શકે ગીરવે રહેલા સોનાનું મુલ્ય ઘટી જાય એટલે રીપેમેન્ટમાં પડકાર સર્જાઈ શકે.આ સંજોગોમાં ગોલ્ડ લોન આપવામાં ખાસ કાળજી રાખવી પડે તેમ છે. ૩૦ સપ્ટેમ્બરની સ્થિતિએ બેંકોએ ૧.૪ લાખ કરોડની જવેલરી લોન આવી હતી. જે આગલા ત્રિમાસીક ગાળા કરતાં ૫૧ ટકા વધુ હતી જયારે ગત વર્ષનાં સમયગાળા કરતાં ૧૪.૬ ટકાની વૃધ્ધિ સુચવતી હતી.

# શેરબજારમાં મંદીનો દોર :IPO માર્કેટ ઠંડુગાર

**મુખ્ય સમાચાર, મુંબઈ**

શેરબજારમાં છેલ્લા બે મહિનાથી મંદીનો દોર છે અને ઈન્વેસ્ટરોની સંપતીમાં કરોડો-અબજો રૂપિયાનું ધોવાણ થયુ છે ત્યારે તેની અસર હવે પ્રાયમરી માર્કેટમાં પણ પડવાનું શરૂ થઈ ગયુ છે. આઈપીઓમાં રોકાણ કરવામાં મોટા ઈન્વેસ્ટરોનો રસ ઓછો થઈ જવાને પગલે હવે મુખ્યત્વે સંસ્થાકીય ઈન્વેસ્ટરોનાં સહારે જ ભરણા છલકવાનો આધાર રહ્યો છે.

પ્રાયમરી માર્કેટમાં આવેલા છેલ્લા ૧૦ માંથી ૮ આઈપીઓમાં હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરોએ રોકાણ ઘટાડી નાખ્યાનું બહાર આવ્યું છે.સ્વીગી, હુન્ડાઈ ઈન્ડીયા, નીવા બુવા હેલી, ગોદાવરી બાયો રીફાઈનરીમાં એચએનઆઈ કેટેગરીમાં પર્યાપ્ત રોકાણ થયુ નથી. જયારે અન્ય ચાર આઈપીઓમાં તો એચએનઆઈ




કેટેગરીમાં સીંગલ ડીજીટમાં પણ રોકાણ થયુ ન હતું. અગાઉના આઈપીઓમાં એચએનઆઈ કેટેગરીમાં નિર્ધારીત ફાળવણી કરતા સરેરાશ ૧૧૬ ગણુ રોકાણ થતુ હતું. નિવા બુપા હેલ્થ ઈન્સ્યોરન્સના આઈપીઓમાં એચએનઆઈ કેટેગરીમાં ૭૧ ટકા રોકાણ થયુ હતું. આઈપીઓ કુલ ૧.૯ ગણો ભરાયો હતો. સ્વીગીનાં ૧૧૩૨૭ કરોડનાં આઈપીઓમાં એચએનઆઈ કેટેગરીમાં રોકાણ માત્ર ૪૧ ટકા હતું. સમગ્ર આઈપીઓમાં ૩.૫૯ ગણો છલકાયો હતો. એકમે સોલાર હોલ્ડીંગમાં એચએનઆઈ કેટેગરીમાં ૧.૦૨ ટકા રોકાણ થયુ હતું.

પ્રાયમરી માર્કેટનાં નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે સેકન્ડરી માર્કેટની મંદી, ગ્રે માર્કેટ પ્રિમીયમમાં ઘટાડો તથા ફંડ મેળવવાનું મોંઘુ થતાં એચએનઆઈ રોકાણમાં ઓટ આવવા લાગી છે.આઈપીઓનાં ભરણાનો આધાર ગ્રે માર્કેટનાં પ્રિમીયમ પર જ હોય છે તે હવે તુટવા લાગ્યા છે. એટલે કાંઈ વળતર ન મળવાના સંજોગોમાં રોકાણકારો મોઢુ ફેરવી લે તે સ્વાભાવીક છે. શેરબજારમાં સેન્સેક્સ ૨૭ સપ્ટેમ્બરે સર્વોચ્ચ ઉંચાઈએ પહોંચ્યો હતો અને ત્યારપછી અત્યાર સુધીમાં ૧૧ ટકા નીચો આવી ગયો છે.હુન્ડાઈ ઈન્ડીયાનો આઈપીઓ ૨૭૮૭૦ કરોડનો હતો એચએનઆઈ કેટેગરીમાં માત્ર ૬૦ ટકા જ ભરાયો છે. સેગીલીટીમાં ૧.૯૩ ગણો ભરાયો હતો.

# ગીરમાં ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક ઉભું કરવાની યોજના

## ગીરમાં એશિયાટીક સિંહોનું રીઅલ – ટાઈમ મોનિટરિંગ કરવા સરકારનું કદમ

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

રાજ્યનાં વન વિભાગે એશિયાટિક સિંહોનાં નિવાસસ્થાન એવાં ગીરમાં ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક ઉભું કરવાની યોજના બનાવી છે જેનાથી સિહોં પર રીઅલ-ટાઈમ મોનિટરિંગ પર તેની પકડ વધુ મજબૂત થશે અને સિંહોનાં સંરક્ષણમાં વધારો થશે.

એક વરિષ્ઠ અધિકારીએ સમજાવ્યું કે, વર્તમાન માઈક્રો-લિંક સિસ્ટમ બેન્ડવિડ્થની મર્યાદાઓ સાથે કામ કરે છે, ખાસ કરીને નો-નેટવર્ક ઝોનમાં, સિંહની હિલચાલને અસરકારક રીતે મોનિટર કરવાનું મુશ્કેલ બને છે.

સિંહની હિલચાલ વિસ્તરી રહી હોવાથી, અધિકારીઓએ અસરકારક દેખરેખ માટે પઆઈટી ઈન્ટરવેન્શન ઈન લાયન કન્ઝર્વેશનથ પ્રોજેક્ટનો પ્રસ્તાવ મૂક્યો છે અને તેને સરકારની મંજૂરી માટે મોકલ્યો છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે , નસ્રગીર જંગલમાં બે મુખ્ય બીગ કેટ પ્રજાતિઓ રહે છે એક છે એશિયાટીક સિંહ અને બીજી પ્રજાતિમાં ભારતીય ચિત્તાનો સમાવેશ થાય છે. આ પ્રદેશમાં સંરક્ષણ પ્રયાસોની સફળતાનો શ્રેય કડક સુરક્ષા પગલાં અને સ્થાનિક લોકોનાં સમર્થનને આપી શકાય છે.

મુખ્ય વન સંરક્ષક શ્રીવાસ્તવ નિત્યાનંદે, જણાવ્યું હતું કે વિશિષ્ટ ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક દેખરેખને વધારવા માટે નિર્ણાયક બનશે , જે ડ્રોન , નાઈટ વિઝન કેમેરા અને એઆઈ કેમેરા જેવાં સાધનો દ્વારા રિયલ ટાઈમ મોનીટરીંગ કરવામાં મદદ કરશે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, એકવાર પ્રોજેક્ટ



મંજૂર થયાં પછી, પ્રોજેક્ટ ગીરના લેન્ડસ્કેપમાં જરૂરી નેટવર્ક કવરેજ નક્કી કરવા માટે સર્વેક્ષણ સાથે શરૂ થશે. ૨૦૨૦ની વસ્તી ગણતરી મુજબ ૬૭૪ સિંહો લગભગ ૩૦૦૦૦ ચોરસ કિમીનાં વિસ્તારમાં ફરે છે. આ પહેલ રેલવે ટ્રેક પર સિંહ અકસ્માતો ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે સિંહોનાં મૃત્યુનું મુખ્ય કારણ છે. વિભાગ વન્યજીવો સાથે વાહનોની અથડામણને રોકવા અને ચેકપોસ્ટ પર સીસીટીવી સિસ્ટમને અપગ્રેડ કરવા માટે સ્પીડ મોનિટરિંગ સિસ્ટમ શરૂ કરવાની પણ યોજના ધરાવે છે. એઆઈ કેમેરા અને નાઈટ વિઝન ડ્રોન જેવાં અદ્યતન સાધનો પ્રાણીઓ અને મનુષ્યો માટેનાં જોખમો ઘટાડવા ચેતવણીઓ પ્રદાન કરવામાં પણ મદદ કરશે.

# કોમ્પીટીશન કમિશન ઓફ ઈન્ડિયાએ મેટા પર ૨૧૩ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો

## ૨૦૨૧ ની પ્રાઈવસી પોલિસી અપડેટના સંબંધમાં પ્રતિસ્પર્ધા વિરોધી હરકતો માટે દંડ લગાવાશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કોમ્પીટીશન કમીશન ઓફ ઈન્ડિયાએ મેટા પર પોતાના દબદબાનો દુરુપયોગ કરવા માટે ૨૧૩ કરોડ ૧૪ લાખ રૂપિયાનો દંડ લગાવ્યો છે. આ દંડ ૨૦૨૧ની પ્રાઈવસી પોલિસી અપડેટના સંબંધમાં પ્રતિસ્પર્ધા વિરોધી હરકતો માટે લગાવવામાં આવ્યો છે.

આ મામલો વોટસએપની ૨૦૨૧ની પ્રાઈવસી પોલિસીને લાગુ કરવાની સાથે યુઝર ડેટા મેળવવા અને મેટાની બીજી કંપનીઓ સાથે તેને શેર કરવાના મામલા સાથે જોડાયેલો છે.

કમીશને મેટા અને વોટસએપને એ નિર્દેશ પણ આપ્યો છે કે તેઓ એક નિશ્ચિત સમયમાં સુધારાના




કેટલાક પગલા ભરે. કમીશને નિર્દેશ કર્યો છે કે વોટસએપ પોતાના પ્લેટફોર્મ પર કલેકટ કરવામાં આવે છે. યુઝર ડેટાને મેટાની બીજી કંપનીઓ કે મેટા કંપની પ્રોડકટસની સાથે વિજ્ઞાપનના ઉદેશોને શેર નહીં કરે. આ રોક પાંચ વર્ષ માટે લગાવી છે.આ મામલામાં કમીશને બે સંબંધીત માર્કેટસને અલગ અલગ કરીને જોયા છે. તેમાં ભારતમાં સ્માર્ટ ફોનથી ઓટીટી મેસેજીંગ એપ્સના માર્કેટને અલગ માનવામાં આવ્યું અને ભારતમાં ઓનલાઈન ડિસ્પ્લે એડવર્ટાઈઝીંગને અલગ માર્કેટ માનવામાં આવ્યૂ કમીશને જાણ્યુ કે મેટા ગ્રુપનો સ્માર્ટફોનથી ઓટીટી એપ્સનાં માર્કેટમાં દબદબો છે. વિજ્ઞાપન ઉપરાંત બીજા ઉદેશથી વોટસએપ યુઝર ડેટા શેર કરવાનાં મામલામાં વોટસએપ યુઝર ડેટા શેર કરવાનાં મામલામાં વોટસએપ પોલીસીમાં મેટાની બીજી કંપનીઓ સાથે શેર કરેલ ડેટાની જાણકારી આપવી પડશે. વોટસ એપનો ઉપયોગ કરવા માટે યુઝર્સ પર ડેટાને મેટાની બીજી કંપનીઓ કે મેટા કંપની પ્રોડકટસની સાથે શેર કરવાની શરત નહિં થોપી બેસાડવામાં આવે તેની જાણકારી ઈન-એપ નોટીફીકેશનથી આપવાની રહેશે. ૨૦૨૧ નાં અપડેટમાં શરતો સ્વકિર કરનાર યુઝર્સને પણ આ વિકલ્પ મળશે યુઝર્સને પણ આવા ડેટા શેરીંગનાં બારામાં પોતાની વોઈસને બદલવાનો વિકલ્પ પણ આપવો પડશે. આ વોટસએપ એપ્લીકેશનની એરીંગ્સમાં એક ટેબથી ઉપલબ્ધ કરાવવી પડશે.

# મોરબીમાં યુવાન પાસેથી લુંટ કરી નાસી ગયેલ ત્રણ શખ્સોની ધરપકડ

## પોલીસે રોકડ અને બુલેટ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબીમાં લુખ્ખાગીરી આચરી વેપારી યુવાનને વગર કારણે માર મારી વારંવાર રોકડ પડાવી લેવાની સાથે બુલેટ અને આઈફોન પડાવી લેનાર ત્રણ શખ્સોની પોલીસે ધરપકડ કરી રોકડ તેમજ પડાવી લીધેલ વસ્તુઓ કબ્જે કરવાની સાથે પોલીસે ત્રીજું નેત્ર ખોલતા આ ત્રિપુટીએ ખંડણી ઉઘરાવવામાં અન્ય એક શખ્સનું નામ કબુલતા પોલીસે ચોથા આરોપીને પકડી પાડવા તજવીજ શરૂ કરી છે.

જાણવા મળતી વિગતો મુજબ મોરબી શહેરના દલવાડી સર્કલ નજીક ગોકુલ મથુરા સોસાયટીમાં રહેતા અને સુપર માર્કેટમાં કટપીસનો ધંધો કરતા દેવ ચેતનભાઈ સોરીયા નામના યુવાનને ત્રણેક મહિના પૂર્વે શનાળા ગામે રહેતા વિશાલ વેલાભાઈ રબારી નામના શખ્સ સાથે મિત્રતા થયા બાદ આરોપી વિશાલ રબારી અને અન્ય બે શખ્સોએ છેલ્લા ત્રણ મહિનામાં દેવ સોરીયા અને તેના પરિવારનું જીવવું હરામ કરી દઈ કોઈપણ લેતી દેતી થઈ ન હોવા છતાં માર મારી ધમકીઓ આપી રૂ.૫.૪૬ લાખ રોકડા, બુલેટ અને આઈફોન પડાવી લીધા હતા.

મોરબીમાં લુખ્ખાગીરીના આ ચકચારી પ્રકરણ અંગે ડીવાયએસપી પી.એ.ઝાલાએ વિગતો આપતા જણાવ્યું હતું કે સીટી એ ડિવિઝન પોલીસે આ ગુન્હામાં આરોપી વિશાલ રબારી, સાહિદ અક્રમ કાદરી અને સિદ્ધરાજસિંહ જાડેજાને પકડી પાડી રૂ. ૪.૮૬ લાખ રોકડા, બુલેટ અને આઈફોન કબ્જે કર્યા છે. હાલ ત્રણેય આરોપીઓને જેલહવાલે કરવામાં આવ્યા છે. અન્ય એક શખ્સનું નામ ખુલ્યું છે જેની હાલમાં તપાસ ચાલુ હોવાનું જણાવ્યું હતું.

# ભાવનગરમાં સાવકી માતાનો અત્યાચારઃ બાળાના મોઢે સેલોટેપ મારી, વાળ કાપી, ટીપડામાં પૂરી દીધી

## પાડોશીઓએ હોબાળો મચાવીને બાળાને બચાવી લીધી

**મુખ્ય સમાચાર,ભાવનગર**

ભાવનગરમાં નવ વર્ષની બાળા પર સાવકી માતા દ્વારા કરાયેલા અત્યાચારનો કાળજુ કંપાવી દે તેવો બનાવ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. જેમાં આ બાળાના મોઢા પર સાવકી માતા દ્વારા સેલોટેપ મારીને માથાના વાળ, આંખની પાપણ પરના વાળ કાપી નંખાયા છે. આ બાળાને પીપડામાં પૂરી દેવાઈ હતી. આજુબાજુના પાડોશીઓએ હોબાળો મચાવીને બાળાને અત્યાચારી સાવકી માતાના ચુંગલમાંથી બચાવી લીધી હતી. આ બાળાને હાલ તાપીબાઈ ગૃહમાં મોકલી આપવામાં આવી છે.

ભાવનગરમાં આવેલી શ્રીરામ સોસાયટીમાં રહેતા લોકોએ દેકારો મચાવ્યો હતો. આ નવ વર્ષની બાળા પર થતા અત્યાચાર અટકાવવા બાળ કલ્યાણ વિભાગ અને બાળ કલ્યાણ સમિતિને જાણ કરી હતી. અધિકારીઓએ રેસ્ક્યુ કરીને બાળાને બહાર કાઢી હતી.

પપ્પા મારી સાથે વાત કરતા નથી, મમ્મીને રોકતા નથી અત્યાચારનો ભોગ બનેલી બાળાએ જણાવ્યું હતુ કે, મારા પપ્પા પણ મારી સાથે વાત કરતા નથી. મારી માતા મારી પર અત્યાચાર કરે છે, ત્યારે પપ્પા કશુ બોલતા નથી. મને માતા મારે છે. પંખા સાથે હાથપગ બાંધીને લટકાવી દીધી છતાં પપ્પા કશુ બોલતા નથી. મારી માતાને તેઓ રોકતા નથી. મારે મારી માતા સાથે રહેવું નથી. મને ભૂખી રાખતા હતા. આ બાળાને સ્કૂલે પણ નિયમિત મોકલતા નથી.

ત્યારબાદ પાડોશીએ બાળાને પાણી પીવડાવી, ખાવાનું ખવડાવીને પૂછપરછ શરૂ કરી હતી. આ પીડિત બાળાએ જણાવ્યું હતુ કે, મારી સાવકી માતા મારા પર ઘણા સમયથી અત્યાચાર કરે છે. પૂરતુ ખાવાનું પણ આપતી નથી. ઘરનું બધુજ કામ મારી પાસે કરાવે છે. તે મને અને મારી બહેનોને પણ માર મારે છે. આ બાળાની માતા છૂટાછેડા લઈ સિહોર જતી રહી છે પિતા શેરબજારનો વ્યવસાય કરે છે. ત્યારબાત સાવકી માતા આ નવ વર્ષની બાળાનો ઉછેર કરી રહે છે.



સાવકી માતાને પણ બે બાળકીઓ છે. આ મહિલા ત્રણેય બાળકી પર ત્રાસ વર્તાવે છે. આથી ચાઈલ્ડ લાઈનના અધિકારીઓએ પૂછપરછ કરી ત્યારે ત્યારે અત્યારચારી સાવકી માતાએ આ બાળા પરેશાન કરતી હોવાના આક્ષેપો કર્યા હતા. પરંતુ તપાસ કરતા તેઓ ખોટા નીકળ્યાં હતા. આ અત્યાચારી સાવકી માતા માનસિકરીતે ડીસ્ટર્બ હોવાનું અનુમાન છે. જોકે પોલીસ તપાસમાં વધુ વિગતો બહાર આવશે.

માતા દ્વારા જે અત્યાચારો કરવામાં આવ્યાં છે એમાં દીકરીના માથા પરથી વાળ પણ કાઢી નાખવામાં આવ્યાં હતા, સાથે આંખ પર પાંપણના નેણ પરના વાળ પર કાઢી નાખ્યા છે. દીકરીનું કાઉન્સિલિંગ કરતાં તેણે કહ્યું હતું કે મારી નાની બે બહેન છે, તેમને પણ મારી માતા મારે છે તેમજ તેના પિતાએ પણ એક વખત દીકરીને માર માર્યો હતો. આ દીકરીએ પોતાની વ્યથા વ્યકત કરી હતી. ત્યારે આ દીકરીને ન્યાય મળે અને આવનારા દિવસોમાં સમાજમાં દાખલો બેસે એ માટે કાર્યવાહી કરવામાં આવશે.

# ઊના શહેરનાં અગ્રણીએ ૬૦ વર્ષ જૂની રૂા. ૨ કરોડની મિલ્કત ટ્રસ્ટને પરત કરી

## પૂર્વ ભાજપ પ્રમુખે કોમી એકતાની મિશાલ બતાવી, ધાર્મિક સંસ્થાની મિલ્કત પરત કરાતાં બન્ને સમાજનાં અગ્રણી ભાવવિભોર બન્યા

**રિપોર્ટર :- અબ્દુલ પઠાણ ઉના**

ઊના શહેરનાં મેઈન બજાર વિસ્તારમાં આવેલ શકાલા મસ્જિદ ની માલિક ની બે કરોડ કિંમત ધરાવતી મોકા ની જગ્યા આજથી ૬૦ વર્ષ પહેલાં ઊના નાં વેપારી આગેવાન સ્વ પોપટલાલ એ સામાન્ય દરે ભાડે રાખીને જનતા ઓઈલ મીલ ચલાવતાં હતાં તે મિલ્કત સ્વ પોપટલાલ કોટેચા નાં પુત્ર અને ભાજપ નાં શહેર પૂર્વ પ્રમુખ તેમજ પીપલ્સ બેંક નાં પૂર્વ પ્રમુખ ચંદુભાઈ કોટેચા એ કોઈ પણ અપેક્ષા રાખ્યા મસ્જિદ ટ્રસ્ટ નાં આગેવાનો તેમજ વગર શકાલા પ્રમુખ અને મુસ્લિમ સમાજ પંચ નાં તમામ આગેવાનો ને પોતાની ઓફીસે બોલાવી સામેથી ચાવી સોંપીને મિલકત નો કબ્જો પરત સોપી આપી કોમી એકતાની મિશાલ કાયમ કરતાં સમાજ નાં હિન્દુ મુસ્લિમ આગેવાનો માં ભાવવિભોર દ્રષ્ય સર્જાયા હતા.

ભાજપ પૂર્વ પ્રમુખ ચંદુભાઈ પોપટલાલ કોટેચા નાં પિતા સ્વપોપટલાલ કોટેચા એ વારસાઈ દરજે શકાલા મસ્જિદ ટ્રસ્ટ ની મિલ્કત ભાડુઆત તરીકે ૬૦ વર્ષ પહેલાં રાખી જનતા મિલ ચલાવતાં હતાં મેઈનરોડ પર આવેલી બે કરોડ જેવી માતબર રકમની જગ્યા નો કબ્જો હાલતમાં પૂર્વ ભાજપ પ્રમુખ ચંદુભાઈ કોટેચા પાસે હોય અને આ જગ્યા તેમને ફળી હોવાથી સમગ્ર કુટુંબ પરીવાર સુખી સમ્પન્ન થતાં ભાડાં ની આટલી મોટી વિશાળ એરીયા ધરાવતી મિલ્કત ની જરૂરીયાત નહીં હોવાથી અને આ જગ્યા પર કોઈ સારૂં કાર્ય કરી શકે તેવી લાગણી અને ભાઈચારાની ભાવના દિલ માં પ્રગટ થયા ચંદુભાઈ



કોટેચા એ તેમનાં વડીલબંધુ મનસુખભાઈ કોટેચા રાજકોટ અને તેમનાં પરીવાર સાથે બેસી શુકનવંતી જગ્યા નાં પ્રભાવે કુદરત નાં આર્શીવાદ થી ખુબજ સુખીસંપન્ન થયાં હોવાથી આ ધાર્મિક ટ્રસ્ટ ની મિલ્કત કોઈ પણ જાતનાં વળતરની અપેક્ષા રાખ્યા વગરકોઈ સરતો કે બંધન રાખ્યા વગર પ્રેરણાદાયી બનવા નિર્ણય કર્યો હતો. શકાલા મસ્જિદ ટ્રસ્ટ નાં પ્રમુખ એડવોકેટ જાવીદભાઈ પઠાણ તેમજ મુસ્લિમ સમાજ નાં પંચ નાં અગ્રણી હાજી ઈકબાલભાઈ ભિસતિ, સાજીદ ભાઈ કુરેશી, અમીનભાઈ કુરેશી પૂર્વ તલાટી મંત્રી, નગરપાલિકા નાં સદસ્ય મુસ્લિમ સમાજ નાં અગ્રણી દાદા બાપુ અબ્બાસ ભાઈ સુમરાણી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા

# માળીયા અને હળવદ તાલુકામાં ખેતરોમાંથી પસાર થતી હેવી વીજ લાઈનનું કામ તાત્કાલિક અટકાવવા મુખ્યમંત્રીને રજુઆત

## ખેડૂતો સાથે થતાં અન્યાયને રોકવા કોંગ્રેસ મેદાનેઃ તા.૨૨ના રોજ ખેડૂતોને સાથે રાખી ઉગ્ર આંદોલનની ચીમકી

**મુખ્ય સમાચાર,મોરબી**

કચ્છના લકડિયાથી વડોદરા સુધી ૭૬૫ કેવીની હેવી વીજ લાઈન નાખવા માટેનું કામ ચાલી રહ્યું છે. જો કે, ખેડૂતોને પૂરું વળતર આવામાં આવી રહ્યું નથી, જેથી કરીને પૂરું વળતર આપવાની માગ સાથે ખેડૂતો છેલ્લા ઘણા સમયથી રજૂઆતો કરી રહ્યા છે તો પણ ખેડૂતોને ન્યાય કરવાને બદલે પોલીસ બંદોબસ્ત સાથે ખેડૂતોને ડરાવી ધમકાવીને કામ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ કામને તાત્કાલિક ધોરણે અટકાવવાની મોરબી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દ્વારા સીએમ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. મોરબી જિલ્લા કોંગ્રેસનાં પ્રમુખ કિશોરભાઈ ચિખલીયાએ સીએમને પત્ર લખીને જે રજૂઆત કરી છે તેમાં જણાવ્યું છે કે, મોરબી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખુબ જ ગંભીર છે. ડ્રગ્સ, દારૂ, કેફી પદાર્થો, ખનીજ ચોરી, વ્યાજખોરી, મર્ડર વિગેરે જેવી ઘટનાઓ રોજીંદી બની ગઈ છે. જિલ્લામાં સામાન્ય જનતાથી લઈને ખેડૂતો સુધીના લોકો સાથે અન્યાય અને અત્યાચાર કરવામાં આવી રહ્યો છે. પોલીસ તંત્ર લુખ્ખાતત્વો તથા ઉદ્યોગકારોને છાવરી રહ્યું છે. જેથી કરીને ખેડૂતોને ન્યાય માટે વલખા મારવા પડી રહ્યા છે.

મોરબી જિલ્લાના માળીયા તથા હળવદ તાલુકામાંથી આ લાઇન પસાર થાય છે. જેમાં ખેડૂતોને પૂરતું વળતર આપવામાં આવ્યું નથી, જેથી કરીને ખેડૂતો રજૂઆત કરવા માટે જાય તો કોઈ તેમને સાંભળતું નથી અને કામ રોકવા જાય તો પોલીસનો ડર



બતાવવામાં આવે છે. જેથી ખેડૂતોના ન્યાય માટે કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા આ કામને તાત્કાલિક ધોરણે અટકાવવામાં આવે તેવી માગ કરી છે.

જો આ કામ તાત્કાલિક ધોરણે ત્રણ દિવસમાં અટકાવવામાં નહી આવે તો નાછૂટકે તા ૨૨ના રોજ ખેડૂતોને સાથે રાખીને ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી છે. વધમાં જિલ્લા પ્રમુખે જણાવ્યું છે કે, આ આંદોલનમાં કાર્યકારી અધ્યક્ષ લલીતભાઈ કગથરા, પૂર્વ ધારાસભ્ય પીરજાદા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી મનોજભાઈ પનારા, મોરબી જિલ્લા પંચાયતના વિરોધપક્ષના નેતા ભુપેન્દ્રભાઈ ગોધાણી, માળીયા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ વિડજા, યુવા કોંગ્રેસના પ્રમુખ સંદિપભાઈ કાલરીયા, હળવદ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડો.રાણા તથા માળીયા તાલુકા વિરોધપક્ષના નેતા અશોકભાઈ કૈલા સહિતના આગેવાનો તેમજ બહોળી સંખ્યામાં જુદાજુદા ગામના ખેડૂતો જોડાશે. ત્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડે નહીં તે માટે આ કામને તુરંત જ બંધ કરવા માટેનો આદેશ કરવામાં આવે તેવી માગ કરી છે.

# કલેકટર બી.કે.પંડ્યાના અધ્યક્ષ સ્થાને જામનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**



જામનગર જિલ્લા કલેકટર બી.કે.પંડ્યાના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ધારાસભ્ય હેમંતભાઈ ખવા અને જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ગોમતીબેન ચાવડા દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રશ્નો અને તે અંતર્ગત કાર્યવાહી કરવા કલેક્ટરએ સૂચનો કર્યા હતા.

આ પ્રશ્નોમાં રાશનકાર્ડ અને આધારકાર્ડને લઈને લોકોના પ્રશ્નો, ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી આપવાની નિયમિતતા, શાળાઓમાં ફાયર સેફ્ટી, નવી શાળાના બાંધકામ, રોડ રસ્તાઓ, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા, પાણી પુરવઠા વિભાગના પ્રશ્નો, આઈસીડીએસ શાખા, જમીન માપણી અંગેના પ્રશ્નો, શિક્ષણ વિભાગ અને પીજીવીસીએલ અંગેના પ્રશ્નો અંગે ચર્ચા કરાઈ હતી.જિલ્લા કલેક્ટરએ લોકોની જરૂરિયાતો અને તેમના પ્રશ્નોને પ્રાથમિકતા આપી સમય મર્યાદામાં કામો પૂર્ણ કરવા અંગે જે તે વિભાગના અધિકારીઓને સૂચનો આપ્યા હતા. તેમજ સીએમ ડેશબોર્ડ પર આવતા પ્રશ્નોનો ત્વરિત ઉકેલ આવે અને જામનગર જિલ્લાના વિકાસકાર્યોને લગત કામો કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ, અધિક નિવાસી કલેકટર બી.એન. ખેર, ડેપ્યુટી કમિશ્નર ઝાલા, સંલગ્ન પદાધિકારીઓ અને અધિકારીઓ, પ્રાંત અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ઉનામાં બાબર સમાજનો તૃતીય સમુહ લગ્નોત્સવ યોજાયો



**રિપોર્ટર :- અબ્દુલ પઠાણ ઉના**

૨૬ દિકરીઓ ને આશીર્વાદ આપવા માટે સાધુસંતો મહંતો તથા કોળી સેના ગીર સોમનાથ, જુનાગઢ જિલ્લા પ્રમુખ શ્રીમતી દીપાબેન, તથા ૯૩ વિધાનસભા ઉના ગીર ગઢડા નાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, રાજુભાઈ ડાભી તથા જય શ્રી કૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત ગોપાલભાઈ વાજા, તથા બાબર સમાજના અગ્રણીઓ સહિત અન્ય મહેમાનો પધાર્યા હતાં.

# પરિણીતાએ પોતાના પતિના મૃત્યુના વિયોગમાં ગળાફાંસો ખાઈ કરી આત્મહત્યા

જામનગરના ગુલાબ નગર નજીક રામવાડી વિસ્તારમાં રહેતી એક પરિણીતાએ પોતાના પતિના મૃત્યુના વિયોગમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. પતિના મૃત્યુ બાદ માનસિક સમતુલા ગુમાવી બેસતાં વારંવાર સારવાર માટે દાખલ કરાયા પછી આ પરિસ્થિતિથી તંગ આવી જઈ જિંદગીનો અંત લાવી દીધાનું પોલીસમાં જાહેર થયું છે.આ બનાવની મળતી માહિતી મુજબ જામનગરના ગુલાબ નગર નજીક રામવાડી શેરી નંબર ત્રણમાં રહેતી ચેતનાબેન હિતેશગીરી ગોસાઈ નામની ૪૩ વર્ષની પરિણીતાએ ગઈકાલે પોતાના મકાનના બીજા માળે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.આ બનાવ અંગે મૃતકના કુટુંબી ધર્મેન્દ્રભાઈ જમનભારથી ગોસાઈએ પોલીસને જાણ કરતાં સીટી બી. ડિવિઝનના પી.એસ.આઈ જે.પી. સોઢા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક યુવતીના પતિનું આજથી પાંચેક મહિના પહેલાં અવસાન થયું હતું, જેના આઘાતમાં પોતે માનસિક બીમાર થઈ ગયા હતા, અને આ બીમારીના કારણે આશરે પાંચથી છ વખત હોસ્પિટલમાં દાખલ કરીને સારવાર લેવાનો વારો આવ્યો હતો. જે બીમારીથી કંટાળી ગઈકાલે આત્મહત્યાનું પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.

# વાંકાનેર નજીક યુવકે ટ્રેન હેઠળ પડતું મૂકી આપઘાત કર્યો, પ્રૌઢનું ટ્રેનમાંથી પડી જતા મોત



વાંકાનેર નજીક ટ્રેન અકસ્માતના બે બનાવોમાં બે લોકોના મોત નિપજ્યા હતા જેમાં એક યુવકે ટ્રેન હેઠળ પડતું મૂકી આપઘાત કર્યો હતો. જ્યારે એક પ્રૌઢનું ટ્રેનમાંથી પડી જતા મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર દલડી તથા લુણસરિયા રેલવે સ્ટેશન વચ્ચે જામનગર વડોદરા ઈન્ટરસિટી ટ્રેન ૨૨૯૬૦ નીચે પડી જતા અંદાજે ૫૫ વર્ષના પ્રૌઢના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેના કારણે તેમનું મોત નીપજ્યું છે. આ વ્યક્તિના સફેદ ઝભ્ભો તથા સફેદ ધોતી પહેરેલ છે. નાકની ડાબી બાજુ મસાનું નિશાન છે. જે કોઈ તેને ઓળખતા હોય તેઓને મો.નં. ૯૦૩૩૭૭૬૫૧૧ ઉપર સંપર્ક કરવા જણાવાયુ છે. બીજા એક બનાવમાં વાંકાનેર તથા લુણસરિયા વચ્ચે ભાવનગર ઓખા લોકલ ટ્રેન ૧૯૨૦૯ નીચે એક અજાણ્યા ૩૫ વર્ષના યુવકે પડતું મૂકી આપઘાત કરેલ હતો, યુવાને સફેદ શર્ટ તથા બ્લુ પેન્ટ પહેર્યું હતું અને જમણા હાથ ઉપર વીંછી દોરાવેલું છે. જે કોઈ તેને ઓળખતા હોય તેઓને મો.નં.૬૩૫૨૬૩૫૫૨૫ ઉપર સંપર્ક કરવા જણાવાયુ છે.

# ટંકારાના લજાઈ પાસે નજીક બે કાર વચ્ચે અકસ્માતઃ એકનું મોત



ટંકારાના લજાઈ ગામ પાસે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો.જેમાં રોડ પર જતી એક કારને પુરપાટ ઝડપે દોડી આવતી અન્ય કારે ઠોકર મારી હતી અને આ ઘટનામાં રાજકોટથી મોરબી જતાં બે પિતરાઈ ભાઈઓને ઈજા પહોંચતા ટંકારા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જેમાંથી એક ભાઈનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું અને અન્ય ભાઈને માથામાં અને પગમાં ઈજા પહોંચી હતી. બનાવની વિગત મુજબ મોરબી રહેતા વિકાસભાઈ નરેશભાઈ ચંદવાણી (ઉ.વ.૩૩) તેના પિતરાઈ ભાઈ કુલદીપ કીર્તિભાઈ છગાણી (ઉ.વ.૨૭) સાથે ગત તા.૧૫– ૧૧ના કામ સબબ રાજકોટ આવ્યા હતા અને સાંજના સમયે પોતાની કાર જીજે.૩૬.એલ.૫૫૦૧ નંબરની સિયાઝ કારમાં બેસીને પરત જતાં હતા. ત્યારે ટંકારાના લજાઈ ગામ પાસે મધુવનગ્રીન સોસાયટી પાસેના રોડ પર પહોંચતા તેમની પાછળ પુરપાટ ઝડપે દોડી આવતી જીજે.૧૦.ડીઆર.૧૭૪૫ નંબરની ક્રિયા કંપનીની કારના ચાલકે ટક્કર મારતા તેઓની કાર ફંગોળાઈ હતી અને બંને ભાઈઓ કારમાંથી નીચે પટકાયા હતા. જેથી તેઓને ઈજા પહોંચતા સારવાર અર્થે ટંકારા બાદ મોરબી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યાં વિકાસભાઈ નરેશભાઈ ચંદવાણીનું ચાલુ સારવાર દરમ્યાન ગઈકાલે મોત નિપજતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. જેથી આ મામલે ટંકારા પોલીસના હેડ કોન્સટેબલ સાહિદભાઈ દ્વારા મૃતકના પરિવારની ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી છે.જ્યારે હાલ અન્ય ભાઈ કુલદીપ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે, પ્રથમ મૃતકના પરિવારએ ફરિયાદ નોંધવાની ના પાડી હતી.પરંતુ વિકાસભાઈનું સારવારમાં મોત નિપજતા ફરિયાદ નોંધાવી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, અકસ્માત સર્જનાર ચાલક જામનગરનો હોવાનું માલૂમ પડયું છે. અને તેને પણ સામન્ય ઈજાઓ પહોંચી હતી.

# ખાંભા પાસે આશ્રમમાં સાધુને માર મારી રૂા. ૨૧ હજારની લૂંટ

**મુખ્ય સમાચાર,ખાંભા**

ખાંભાના રાજધાની ચોકડી પાસે ખોડીયાર આશ્રમમાં સૂતેલા સાધુને અજાણ્યા બે સાધુ દ્વારા મારમારી જટા કાપી ૨૧૦૦૦ની લૂંટ ચલાવાઈ હતી જેમા પોલીસે એક સાધુને ઝડપી લઈ તપાસ હાથ ધરી છે.જયારે એકની શોધખોળ હાથ ધરી છે.

અમરેલી જિલ્લામાં આવેલ ખાંભા નજીક ખોડિયાર આશ્રમમા ભગુડા નજીક આવેલ ભોંયરાધાર આશ્રમના અર્જુનગીરી મહંત અહીં આરામ કરતા હતા ત્યારે હળવદ વિસ્તારના સાધુ અર્જુનગીરી અને અન્ય વ્યક્તિ સાથે મળી આ સાધુને વિધર્મી હોવાનો આક્ષેપ સાથે માર માર્યો હતો તેમની જટા કાતરથી કાપી નાખી લાઈવ વીડિયો બનાવી વાયરલ કરતા ઘેરાપ્રત્યાઘાતો પડયા હતા .આ ઘટનામાં આરોપી અર્જુનગીરી સહિત ૨ વ્યક્તિ સામે મારા મારી હુમલો કરી રૂ.૨૧ હજારની



લૂંટ કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા આ ઘટનાની ગંભીરતા દાખવી પોલીસની અલગ અલગ ટીમો દ્વારા તપાસ હાથ ધરી હતી આરોપીને હળવદથી દબોસી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ખોડિયાર આશ્રમમાં થયેલી મારા મારીની ઘટનામાં સાધુ પાસેથી મોબાઈલ ફોન રૂપિયા લૂંટી લેવાયા જેમાં આરોપી હળવદ વિસ્તારના અર્જુનગીરી અને બ્રિજેશગીરી આરોપી હોવાની માહિતી મળતા ખાંભા પોલીસની ટીમ હળવદ વિસ્તારમાં પહોંચી મુખ્ય આરોપી સાધુ અર્જુનગીરીને દબોચી લીધો છે

# જામજોધપુર તાલુકાના ગીંગણી આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે વિશ્વ ડાયાબીટીસ દિવસની ઉજવણી કરાઈ

**રિપોર્ટ વિજય બગડા**
**જામજોધપુર**

વિશ્વમાં ૧૪ નવેમ્બરના રોજ ડાયાબિટીસ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ગીંગણી ગામે આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે આરોગ્ય વિભાગ દ્વારા ડાયાબિટીસ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગ્રામજનોને વિડિઓ દ્વારા સમજૂતી આપવામાં આવી હતી.



આ કાર્યક્રમમાં કોમ્યુનીટી હેલ્થ ઓફિસર માનસી જયપાલ દ્વારા ગ્રામજનોને ડાયાબિટીસ રોગ વિષે વિડીયો તેમજ બેનર દ્વારા માહિતી આપવામાં આવી હતી. ડાયાબીટીસ એવો રોગ છે, જે જન્મેલા બાળકથી લઈને મોટી ઉંમરના વ્યક્તિને પણ થાય છે. વર્તમાન સમયમાં જે સફેદ ઝેર તરીકે ગણાય છે, તેવું મીઠું અને ખાંડનો સીધો ઉપયોગ કરવો ન જોઈએ. શરીરમાં જે ઈન્સ્યુલિન નામનો હોર્મોન હોય છે. એ આપણે જે રીતે ખોરાક લઈએ. તે પ્રમાણે એના લેવલમાં વધારો ઘટાડો કરતો હોય છે અને જો ઈન્સ્યુલિન વધુ પડે અથવા તો ઈન્સ્યુલિન શરીરમાં તમામ જગ્યાએ ફરતું હોય છે, જેથી ડાયાબિટીસ થવાની સંભાવના વધતી જાય છે. જયારે ડાયાબિટીસના કારણે શરીરના અનેક અંગોને નુકસાન થાય છે. સમય અંતરે તમામ લોકોએ ડાયાબિટીસની તપાસ કરાવવી જરૂરી છે.

જ્યારે ડાયાબિટીસનો રોગ સૌથી વધુ જે લોકો બેઠાડું જીવન જીવતા હોય તેઓને વધુ થાય છે. ડાયાબીટીસ ન થાય તે માટે પોષણ યુક્ત આહાર , નિયમિત વ્યાયામ, નિયમિત ચાલવાનું , તેમજ યોગા કરવા જોઈએ. આ કાર્યક્રમમાં ગ્રામજનોને બ્લડપ્રેશર તેમજ ડાયાબીટીસ અંગે તપાસ કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ગીંગણી ગામના આશા કાર્યકર બહેનો દ્વારા જહેમત ઉઠવામાં આવી હતી.

# રાજકોટ મનપાના જનરલ બોર્ડમાં વશરામ સાગઠીયા અને જયમીન ઠાકર વચ્ચે જામી પડી






(તસ્વીરઃ આનંદ જાવિયા)

## મનપાની સામાન્ય સભા ફરી એકવાર બની ફારસ : લોકોના પ્રાણ પ્રશ્નોની ચર્ચા કરવાની બદલે શાસક ભાજપના નગરસેવકોએ વાહિયાત પ્રશ્નો પૂછી સમય વેડફ્યો : માર્શલ દ્વારા વશરામભાઈ ને ટીંગાટોળી કરી બહાર કઢાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજે રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભા મેયર નયનાબેન પીઢ ડીયા ના અધ્યક્ષ સ્થાને મળી હતી ફરી એકવાર શ્રી શહેરીજનોના પ્રાણ પ્રશ્નોની ચર્ચા કરવાના બદલે શાસકો દ્વારા વાહિયાત પ્રશ્નો પૂછી સમય બગાડવામાં આવ્યો હતો જેને લઈ શાસક અને વિપક્ષ વચ્ચે જામી પડી હતી

આજે પ્રથમ પ્રશ્ન ભાજપના કોર્પોરેટર મગનભાઈ સોરઠીયા દ્વારા શેરમા અમૃતમ યોજના હેઠળ કેટલા કામો થયા છે તે વિશે પૂછાયો હતો જેના જવાબમાં મ્યુનિસિપલ કમિશનર દેસાઈ ની ગેરહાજરીમાં ડેપ્યુટી કમિશનર સ્વપિનલ ખરે દ્વારા તમામ પ્રશ્નોના જવાબ આપ્યા હતા જોકે આ દરમિયાન વિપક્ષ નેતા વશરામભાઈ સાગઠીયા એ લોકોના પ્રશ્નોની ચર્ચા કરવા જણાવતા મામલો ગરમાયો હતો વશરામભાઈ જણાવ્યું હતું કે શેરમા ડેન્ગ્યુ મેલરીયા તેમજ ચિકનગુનિયાના રોગો એ માથું ઉ ચક્યું છે ત્યારે લોકહીત માટે તેની ચર્ચા થવી જોઈએ જેને લઈ વિપક્ષી સભ્ય વશરામભાઈ અને સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર વચ્ચે જામી પડી હતી બાદમાં વશરામભાઈ પોતાના પ્રશ્ન પર અડગ રહેતા માર્શલ દ્વારા તેઓને ટીંગાટોળી બહાર કઢાયા હતા.

નોંધનીય બાબતે છે કે શાસકો દ્વારા આરોગ્યના પ્રશ્નની ચર્ચા કરવાના બદલે પાણી પુરવઠા અને વોટરવર્ક શાખાના પ્રશ્નોને લઈ એક કલાકનો સમય બગાડવામાં આવ્યો હતો વશરામભાઈ એક તબક્કે જણાવ્યું હતું કે આબોર્ડ લોકહીત માટેનું બોર્ડ છે જેમાં પ્રજાના પ્રશ્નો ની ચર્ચા થવી જ જોઈએ વધુમાં તેઓએ જણાવ્યું હતું કે રોગચારાના પરિણામે અનેક લોકો મોતની ભેટી રહયા છે ત્યારે આ પ્રશ્નનો જવાબ આપો જરૂરી છે તેમ છતાં સાસકો દ્વારા વોટર વર્ક્સ ના પ્રશ્નો પૂછાતા ના છૂટકે વશરામભાઈ અધ્યક્ષ પાસે અંગે જવાબ માગતા શાસક વિપક્ષ સામે સામે આવી ગયા હતા બાદમાં માર્શલ દ્વારા વશરામભાઈ ની ટિનગાટોળી કરી બાર કઢાયા હતા.

# સાંસદે સડેલા અનાજના નમુના રજૂ કર્યા, ગાંધીનગરથી પુરવઠા વિભાગની ટીમો ત્રાટકી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ કલેકટર કચેરીમાં ગત શનિવારે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયાએ સડેલા અનાજના નમુના રજુ કરતા જ પૂરવઠાતંત્ર ઉંઘમાંથી સફાળુ જાગ્યુ છે. આજે ગાંધીનગરથી પૂરવઠા ખાતાની ટીમ રાજકોટ દોડી આવી છે અને સડેલુ અનાજ કયાંથી આવ્યુ તેની તપાસ આદરી છે.

ટીમે જિલ્લા પૂરવઠા અધિકારી સાથે બેઠક યોજી હતી અને ત્યારબાદ શહેરની સસ્તા અનાજની દૂકાનોમાં ચેકિંગ શરૂ કર્યુ છે. જો કે, આ સડેલુ અનાજ ગોડાઉનમાંથી જ આવ્યુ હોવાનું માનવામાં આવે છે.

મળતી વિગતો અનુસાર આજે સવારે ગાંધીનગરથી પુરવઠા વિભાગના આસિસ્ટન્ટ ડાયરેકટર નિર્મલ પટેલ સહિતની અધિકારીની ટીમો રાજકોટમાં આવી હતી. રાજકોટ પુરવઠા અધિકારી સાથે બેઠક કર્યા બાદ રાજકોટ શહેરની ૧૮૫ જેટલી દુકાનોની લિસ્ટ લઈ સ્થાનિક અધિકારીઓને સાથે રાખી શહેરની અલગ-અલગ સસ્તા અનાજની દુકાનોમાં દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.શંકાસ્પદ દુકાનોમાંથી અનાજના નમુના પણ લેવામાં આવ્યા હતા.

રાજકોટ પુરવઠા અધિકારી રાજેશ્રી વાગવાણીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર જથ્થો આવ્યા બાદ બાદ પહેલા ગાંધીનગર ખાતે લેબોટરીમાં ટેસ્ટ કરવામાં આવે છે. ગોડાઉનમાં જથ્થો સ્ટોર કરવામાં આવે છે.ગોડાઉનમાં આવ્યા બાદ પણ સ્થાનિક તંત્ર દ્વારા જથ્થાની તપાસ હાથ ધરવામાં આવી છે.

ત્યારબાદ જ દુકાનદારોને જથ્થાનું વિતરણ કરવામાં આવે છે. જથ્થો શંકાસ્પદ દેખાય તો ગાંધીનગરથી રિજેક્ટ કરવામાં આવે છે. પરંતુ નબળી ગુણવત્તાનો જથ્થો ક્યાંથી આવ્યો છે? તે તપાસમાં વિષય છે. અમારી ટીમ પણ તપાસ કરી રહી છે. આજે ગાંધીનગરથી ટીમ પણ આવી છે તે પણ અલગ અલગ દુકાનોની તપાસ કરશો અને નમૂના લેશે. સ્થાનિક અધિકારીઓનો રિપોર્ટ આવ્યા બાદ કલેક્ટરને સોંપવામાં આવશે.

રાજકોટ પુરવઠા વિભાગ દ્વારા છેલ્લા એક મહિનામાં દુકાનદારોની મનમાની,રેશનકાર્ડ ધારકોની ફરિયાદો, નબળી ગુણવત્તાનો અનાજ સહિતની ફરિયાદોને ધ્યાનમાં લઈ રાજકોટ શહેર અને જિલ્લા ના ૪૦થી વધુ દુકાનદારોને નોટિસ પણ આપવામાં આવી છે.તેઓને બોલાવવામાં પણ આવ્યા છે. પુરવઠા વિભાગ દ્વારા સતત દુકાનોની તપાસો પણ હાથ ધરવામાં આવતી હોય છે.

સાંસદે રજૂ કરેલી દાળને લઈ પણ ઘટસ્ફોટ

તો બીજી બાજુ રાજ્યસભાના સાંસદ રામ મોકારિયા દ્વારા જે તુવેર દાળ આપવામાં આવી છે. તે દાળ તેલ વગરની દાળ હોવાનું સામે આવ્યું છે. પુરવઠા વિભાગ દ્વારા છેલ્લા કેટલાય સમયથી રાશનકાર્ડ ધારકોને તેલવાળી તુવેર દાળ આપવામાં આવે છે. ત્યારે તે પણ તપાસ વિષય બન્યો છે કે તેલ વગરની દાળ ક્યાંથી આવી છે અને કોણે આપી છે તે પણ એક તપાસનો વિષય બન્યો છે.

# વિરાંગના ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, લોખંડી મહિલા ઈન્દિરા ગાંધીની જન્મ જયંતી નિમિત્તે પુષ્પાંજલિ કરતું શહેર કોંગ્રેસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ઝાંસીની રાણી વિરાંગના મહારાણી લક્ષ્મીબાઈ ની જન્મ જયંતી નિમિત્તે રાજકોટના કાલાવડ રોડ પરના મહિલા કોલેજ પાસેના અંડર બ્રિજ પર ઝાંસીની રાણીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. તેમજ લોખંડી નેતા અને દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની જન્મ જયંતી નિમિત્તે ઈન્દિરા સર્કલ ખાતે યુનિવર્સિટી રોડ પર ઈન્દીરાજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આજના આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા કોંગ્રેસ આગેવાનોએ ઝાંસીની રાણી અને ઈન્દિરાજી અમર રહો જબ તક સુરત ચાંદ રહેગા લક્ષ્મીબાઈ અને ઈન્દિરાજી તેરા નામ રહેગા ના ગગન ભેદી નારા સાથે પ્રતિમા પાસે નારા લગાવ્યા હતા. આ કાર્યક્રમમાં રાજકોટ શહેર




(તસ્વીરઃ આનંદ જાવિયા)

કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા, મહિલા કોંગ્રેસ પ્રમુખ દીપ્તિબેન સોલંકી, જશવંતસિંહ ભટ્ટી, મેઘજીભાઈ રાઠોડ, જયંતીભાઈ હિરપરા, ડી પી મકવાણા, ધરમભાઈ કાંબલીયા, જીગ્નેશભાઈ બોરડ, લાખાભાઈ ઊંધાડ, નાગજીભાઈ વિરાણી, સલીમભાઈ કારિયાણી, જીતુભાઈ ઠાકર, ગજેન્દ્રસિંહ ઝાલા, બીપીનભાઈ રાઠોડ સહિતના કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# નાગરિક બેંકમાં કલ્પક જૂથનો સફાયો સહકાર પેનલનો વિજય વાવટો





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સહકાર પેનલને જયોતીન્દ્ર મહેતા (મામા) અને સંસ્કાર પેનલને કલ્પક મણિઆર (ભાણેજ)નો દોરી સંચાર હતો. જેમાં ભાજપનુ સહકારી પેનલને શરૂઆતથી સમર્થન હતું. ત્યારે આજે મત ગણતરી શરૂ થયાના ૨ કલાક બાદ ચિત્ર સ્પષ્ટ જણાતા મેયર નયનાબેન પેઢડિયા અને શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી સહિતના સહકાર પેનલના આગેવાનોને શુભેચ્છા આપવા માટે પહોંચી ગયા હતાં. દરમિયાન સહકાર પેનલના આગેવાન હંસરાજ ગજરાએ કહ્યું કે, બેંકમાં કોઈ કૌભાંડો થયા નથી. તો વિજેતા ઉમેદવાર દેવાંગ માંકડે કહ્યું કે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વિચારધારાની આ જીત છે. બળવો કરતા પૂર્વ ચેરમેન કલ્પક મણિઆર હાર ભાળી ગયા હોય તેમ શરૂઆતથી જ મત ગણતરી કેન્દ્ર પર ડોકાયા ન હતા. હવે ૨૩મીએ નાગરિક બેંકના ચેરમેનની જાહેરાત થવાની છે, ત્યારે તેમાં દિનેશ પાઠકનુ નામ સૌથી આગળ હોવાનુ માનવામાં આવી રહ્યું છે. હંસરાજ ગજેરાએ જણાવ્યું હતુ કે, સહકાર પેનલના ૨ મહિલા ઉમેદવારો શરૂઆતથી જ વિજેતા બન્યા છે. આ પેનલની જીત થઈ ગઈ છે. ચૂંટણીમાં સહકાર અને સંસ્કાર પેનલના ઉમેદવારોએ સહકાર આપ્યો. શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી પૂર્ણ થઈ છે, જેમાં સહકાર પેનલ જીતી ગઈ છે. અક્ષત વચ્ચે પણ એક પણ ડિપોઝીટર દ્વારા ડિપોઝિટ પરત લેવામાં આવી નથી. જ્યારે વિજેતા ઉમેદવાર દેવાંગ માંકડે જણાવ્યુ હતુ કે, નાગરિક બેંકની ચૂંટણીમાં સંઘની વિચારધારા વાળી સહકાર પેનલની જીત થઈ છે. ચૂંટણી લડતા તમામ ઉમેદવારો જંગી બહુમતીથી વિજેતા બન્યા છે. જ્યારે ચેરમેન માટે આપનું નામ ચર્ચાઈ રહ્યું છે, તેવું પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતુ કે, અમારા માટે કોઈ પદ હોતું નથી, જવાબદારી હોય છે. જેથી કોઈને પણ ચેરમેન બનાવવામાં આવે તેઓ તે જવાબદારી સ્વીકારશે.

# જેતપુર પાસે હાઈવે પર મસમોટા ખાડાથી ત્રિપલ અકસ્માતઃ પાંચ લોકોને ગંભીર ઈજા

## સાંકળી ગામના પાટિયા પાસે બે બાઈક અને કાર અથડાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જૂનાગઢ નેશનલ હાઈવેની બદતર હાલત ના કારણે અકસ્માતના બનાવો બન્યા છે ત્યારે વધુ એક અકસ્માત સર્જાયો હતો જેમાં તાલુકાના સાંકડી ગામના પાટીયા નજીક નેશનલ હાઈવે પર કારચાલક ખાડા તારવા જતા બે બાઈકોને અડફેટે લેતાં પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. બનાવની વિગતો મુજબ નેશનલ હાઈવે ઓથોરિટી અને વંથલી ટોલનાકા નીચે આવતો એન.એચ આઈ હાઈવે જેતપુર જુનાગઢ નેશનલ હાઈવે પર સાંકળી ગામના પાટીયા નજીક અને રાજાણી ની નજીક ત્રીપલ અકસ્માત સર્જાયો હતો જેમાં તાલુકાના પીપળવા ગામના બે કૌટુંબિક ભાઈઓ બાઈક પર પીપળવા ગામ જઈ રહ્યા હતા ત્યારે. નેશનલ હાઈવે પર અતિશય



ખાડાઓના કારણે કારચાલક અને મોટરસાયકલ ચાલકો ખાડા તરવા જતા બંને મોટરસાયકલોને અડફેટે લેતા બંને મોટરસાયકલ તેમજ કાર રોડની સાઈડમાં નીચે ઉતરી જતા અકસ્માત સર્જાયો હતો જેમાં એક બાઈક પર ત્રણ લોકો સવારે હતા જ્યારે બીજી બાઈક પર બે લોકો સવાર હતા જેમને વધુ ઈજાઓ પહોંચી હતી. જેમાં લખુભાઈ ડાભી, તેમની પુત્ર અજય, તેમજ તેમની પુત્રી હેતલબેન ઈજાગ્રસ્ત થયા હતા જ્યારે બીજી બાઈકમાં સવાર અજય ભોપાભાઈ ડાભી, ભોપાભાઈ ભીખાભાઈ ડાભી રોડ સાઈડમાં ફગોળાઈને નીચે પડયા હતા જ્યારે કાર ચાલકને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. તમામને ૧૦૮ મારફતે સારવાર અર્થે જુનાગઢ ખસેડવામાં આવ્યા હતા. આ ત્રીપલ અકસ્માત સર્જતા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા.

# ગોંડલ યાર્ડમાં મરચાંની ૩૫૦૦થી ૪૦૦૦ ભારીની આવકઃ રેકોર્ડબ્રેક ભાવ બોલાયો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં રોજિંદા ધોરણે વિવિધ લોકો માટે મોટી રકમની આવક થાય છે. ત્યારે આજે માર્કેટીંગ યાર્ડમાં ગોંડલના પ્રખ્યાત લાલ ચાતક મરચાની સિઝનની પ્રથમ આવક નોંધાઈ હતી.

માર્કેટીંગ યાર્ડમાં મરચાની અંદાજીત ૩૫૦૦ થી ૪૦૦૦ ભારીની આવક નોંધાઈ છે. જ્યારે મુહૂર્તમાં મરચાના ૧ ભારીનો રેકોર્ડ બ્રેક ભાવ રૂપિયા ૨૩,૧૧૩ સુધી બોલાયા હતા.

ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં રાજકોટ, જામનગર, જૂનાગઢ જેવા સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો પોતાનો માલ વેચવા આવે છે. ગોંડલ તેના ગરમ મરચાં માટે સમગ્ર ભારતમાં જાણીતું છે.

ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોના લોકો પણ અહીંના ચીલી તિખાઓથી આકર્ષાય છે. આજે યાર્ડમાં અંદાજે ૩૫૦૦ થી ૪૦૦૦ ભારીની આવક હતી. હરાજીમાં, ૨૦ કિલો મરચાંની સરેરાશ કિંમત રૂપિયા ૩૦૦૦/- થી રૂપિયા ૬૦૦૦/- હતી.જ્યારે મુહૂર્તમાં, મરચાની ૧ ભારીનો રેકોર્ડ બ્રેક ભાવ રૂપિયા ૨૩,૧૧૩ સુધી બોલાયો હતો.

# ડીજીપી કપ બાસ્કેટ બોલ સ્પર્ધા-૨૦૨૪માં રાજકોટ શહેર પોલીસ મહિલા ટીમ સતત ત્રીજી વાર ચેમ્પીયન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પોલીસ દળમાં શિસ્ત અને શારીરીક ફીટનેસ તથા ટીમ સ્પીરીટની ભાવના ઉદભવે તે માટે રમત ખુબ જ અગત્યની બાબત હોવાથી પોલીસ અધિક્ષક, ભાવનગર દ્વારા ડીજીપી કપ બાસ્કેટબોલ સ્પર્ધા - ૨૦૨૪ નું તા.૧૪/૧૧/૨૦૨૪ થી ૧૬/૧૧/૨૦૨૪ સુધી દિન-૦૩ માટે ભાવનગર ખાતે યોજાયેલ જેમાં રાજકોટ શહેર મહિલા પોલીસ ટીમે વડોદરા રેન્જને ૧૧ પોઈન્ટની લીડથી તેમજ સુરત શહેરને ૦૩ પોઈન્ટની લીડથી હરાવી વિજેતા થઈ મહિલા વિભાગમાં રાજકોટ શહેર પોલીસ ટીમ ચેમ્પીયન બનેલ છે. આ ટુર્નામેન્ટમાં મહિલા પોલીસ કર્મચારીઓ કૃપાબેન દિનેશભાઈ, કેયાબેન રાજેશભાઈ, સોનલબેન ગણેશપરી, બંસીબેન રમેશભાઈ, શિલ્પાબેન વાલજીભાઈ,



ભાગ્યલક્ષ્મીબા નરવીરસિંહ, ભાવનાબેન પોપટભાઈ, જયનાબેન ખીમાભાઈ, ધ્રુતીબેન દિનેશભાઈ, હેતલબેન નારણભાઈ ભાગ લઈ પોતાનુ કૌશલ્ય દેખાડેલુ હતુ. આ ટુર્નામેન્ટમાં સારુ પરફોર્મન્સ તેમજ વધારે પોઈન્ટ મેળવવા બદલ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ કૃપાબેન દિનેશભાઈ રાજકોટ શહેરનાઓને જાહેર કરવામાં આવેલ છે. આ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર મહિલા ખેલાડીઓને ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશ્નર પાર્થરાજસિંહ ગોહિલ, નાયબ પોલીસ કમિશ્નર પુજા યાદવ, એસીપી એમ.આઈ. પઠાણ, આર.પી.આઈ.ની એસ.બી. ઝાલાએ અભિનંદન પાઠવી શુભેચ્છા આપેલ હતી. ભવિષ્યમાં પણ ગુજરાત પોલીસ અને રાજકોટ શહેર પોલીસનુ નામ રોશન કરવા જણાવેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

